સાલ : ૫ / સિલસિલાવાર નંબર : ૫૮ / શુમારો : ૧૦

بِسْمِ اللهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

ફુલ પાના - ૮

الهادي

THE GUIDE

મવએઝત અને હિકમતથી હક્કની તરફ દાઅવત આપતુ લિસાનુદ્દાઅવતમાં અખ્બાર

નાશિર : મરકઝે તરબીયતે મુમેનીન, અલ-વિઝારતુલ અલવીયાહ, વડોદરા.

તા. ૧ શવ્વાલુલ મુકર્રમ ૧૪૨૯ હી., ૩૦-૯-૨૦૦૮

# -::: સિલો અને મોહબ્બત :::-

અલ્લાહતઆલા કુરઆને કરીમમાં રસૂલુલ્લાહ બાવાજીને હુકમ કરે છે કે, અય રસૂલ, તમેં લોગોને કહી દો કે, હું કોઈ સિલા-અજર-બદલાનો તમારાથી સવાલ નથી કરતો મગર મારા અહલે બૈત (અ.સ.) ની મોહબ્બત રાખજો. ઈમામે આલે મોહંમદ (સ.અ.) ફરમાવે છે કે, શું મોહબ્બત સિવાય દીનનો વુજૂદ હોય શકે ? ના. **દીન તો પૂરેપૂરૂં મોહબ્બત છે.** રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) બની આદમ વાસ્તે કામિલ દીન લઈને આવા, સહી ઝિંદગી જીવવાનો કારગર નુસ્ખો લઈને આવા, દુન્યવી હયાતી બાદ આખેરત તરફ ચઢવાની સીડી લઈને આવા, શરીઅત અને હિદાયતનો હદીયો લઈને આવા મગર અહલે બૈત (અ.સ.)ની મોહબ્બત સિવાય અહલે ઈસ્લામ પાસેથી કોઈ સિલો ન ચાહ્યો.

મહેનત બાદ રાહત હોય છે. ખિદમત બાદ અજર હોય છે. ઈતાઅત-ફરમાઁબરદારી બાદ સવાબ હોય છે. રમઝાનુલ મોઅઝઝમ, ઈસ્લામના મફરૂઝા (ફરઝ કરવામાં આવેલા) આઅમાલનું સેન્ટર કહેવાય, જે મહીનો ઈઝઝતો અઝમત સાથે મુમેનીન દરમિયાનથી ગુઝરો. દાઈયુલ્લાહની દોઆથી મુમેનીને ખૂબ મશક્કત કરી ઈબાદત કીધી, અલ્લાહતઆલાની રઝામંદી તલબ કીધી. હવે આ મહેનતનો મુઆવેઝો તો મીલવો જ જોઈએ, રાહત તો મીલવી જ જોઈએ. અને નફસાની જેહાદ બાદ છે, ખુશીના લમહાતનો, લઝઝત ઉઠાવવાનો. તો સૂરજની તપિશ બાદ છે તે જ મુજબ શહરૂલ્લાહની શહરૂલ્લાહની જિસ્માની મુમેનીનને ઈન્તેઝાર હોય બશારતનો, નેઅમતોની અલ્લાહતઆલા જેમ વાદલોનો ઠંડો સાયો લાવે હરારત-ગરમીથી મુમેનીનને ગુનાહોથી પાકો સાફ કરીને ઈદુલ ફિતરના હસીન વાદલોનો ઠંડો સાયો મુમેનીન પર કરી દે છે. **અલ્લાહના પ્યારા બંદાઓ પોતાની મહેનતના આ યાદગાર અજરો સવાબની ખુશીમાં ઝૂમી ઉઠે છે, હરએકની આઁખમાં મસર્રતની ઝલક હોય છે. વાહ ! અલ્લાહનો શું ઇન્સાફ છે !**

**હુઝૂરેઆલી (ત.ઉ.શ.) ની દોઆએ પુરઅસર સાથે મુમેનીન મુખ્લેસીનને હમેં તહે દિલથી ઈદુલ ફિતરની મુબારકબાદી અને ફરહતો સુરૂરની બશારત પૈશ કરીએ છીએ.**

જેએ શહરૂલ્લાહની માઅરેફત કીધી અને તેના ફરઝો-સુન્નતોને અદા કીધા તેને જ ઈફતારીની ખુશી નો હક્ક છે. ઈદુલ ફિતરની ખુશી સાથે ઈમામુઝઝમાન (અ.સ.) ની ઈતાઅતો મોહબ્બત જોડાયેલી છે. ઈમામ આલી જનાબના મોહિબ્બે સાદિક મુમિનના રોઝા-નમાઝ અલ્લાહને નઝદીક મકબૂલ છે જે એક નાફરમાન શખ્સ વાસ્તે નથી. પોતાના આઅમાલની મકબૂલીયતની ખુશી અને મહેનતના સિલાની ખુશી બેવે ઈદુલ ફિતરના દિન મુમિન વાસ્તે બહાર લાવે છે.

**ઇન કુન્તુમ તોહિબ્બૂનલ્લાહા ફત્તબેઊની યોહબિબકોમુલ્લાહ,** યાઅની જો તમેં અલ્લાહથી મોહબ્બત કરતા હોવ તો મારૂં કહ્યું માનો, મારી ઈત્તેબાઅ કરો તો જ અલ્લાહ તમને મોહબ્બત કરશે. આ ઈરશાદે રબ્બાનીમાં અલ્લાહ અને મુમિનની અરસ-પરસ મોહબ્બતની શરત એ છે કે, મુમિન અલ્લાહના નબીના કહ્યામાં રહે, નબી જેનો હુકમ કરે તે બજા લાવે અને જેના કરવાથી રોકે તેનાથી રૂકી જાય. શરીઅતનો દારોમદાર જ નબીયુલ્લાહ અને આપની આલની બિલા કુસૂર પૈરવી-ઈત્તેબાઅ કરવા પર રહેલો છે. હવે અલ્લાહથી કોઈ ચીઝનો સિલો જોઈતો હોય

*(બકીયાહ પેજ નં. ૨ પર)*

**ઊંચો હાથ (આપનારનો), નીચા હાથ (લેનારના) કરતા અફઝલ છે.**

*(પેજ નં. ૧ નું બાકી)* ***સિલો અને મોહબ્બત.....***

તો મોહબ્બત હોવી ઝરૂરી છે અને મોહબ્બત તે વક્ત જ મુમ્કિન થાય કે મુમિનના વેહવારથી નબી યા એમના જાઁનશીન - પછી તે વસી હોય યા ઈમામ હોય યા દાઈ હોય - ખુશ હોય. તો આ હકીકત સૂરજની રોશની કરતા સાફ છે કે, શહરૂલ્લાહની મશક્કતનો સિલો-તોહફો જે હમને અલ્લાહ તરફથી ઈદુલ ફિતરની ખુશીની સૂરતમાં મયસ્સર થયેલો છે તેના સાથે દાઈયુઝઝમાન (ત.ઉ.શ.) ની રઝામંદી જોડાયેલી છે.

ઈદુલ ફિતરના દિન રસૂલુલ્લાહ બાવાજીની એક અહમમાં અહમ સુન્નતને ઝિંદા કરવાનો હુકમ છે અને તે છે **"લિકાઉલ ઇખ્વાન"** યાઅની ભાઈઓ દરમિયાન મીલનસારી-મોહબ્બતનો રિશ્તો કાઈમ કરવો. આ સુન્નતથી મુમેનીન આપસમાં નાની નાની ખતાઓ-ભૂલો ને દરગુઝર કરાવી એક સાથે બધાને ખુશીમાં શામિલ કરી, નેઅમતો જમી, અલ્લાહનો શુક્ર અદા કરી ઈદનો મકસદ બર લાવવાનો છે. જો મુમિન વાસ્તે ફરમાન હોય કે પોતાના ભાઈને ખુશીમાં શરીક કરે, ખતાઓને મઆફ કરે તો મુમેનીનના રઈસ, મુખ્લેસીનના સરદાર દાઈયુઝઝમાન સૈયેદના તૈયેબ ઝિયાઉદ્દીન સાહબ (ત.ઉ.શ.) ની હસ્તી તો ઘણી આઅલા શખ્સીયત છે કે જેમની હઝરતમાં એક અદનામાં અદના મુમિનને ઈદુલ ફિતરના મુબારક દિન હાઝિર થઈને, કદમબોસી કરીને, તેહનીયત અરઝ કરીને દોઆની બરકતથી બોહરાવર થાવા હાઝિર થાવું જોઈએ.

અલ્લાહતઆલા આ ઈદની ફરહતના સબબ સૈયેદના સાહબ (ત.ઉ.શ.) ના વસીલાથી મુમેનીનના ઘરોને આબાદ કરે અને હમારા ફરઝંદોની તરબીયત અહલે બૈત (અ.સ.) ના પાકો સાફ મઝહબ પર કરે. આમીન...★

## -::: ઈદુલ ફિતર :::-

*સદ શુક્ર વો ખાલિક નો જે રબ્બે મઆલી છે.*
*હર શય ને અદમ માસી જે એ કે નીકાલી છે.*
*જે રબ એ દિખાયો છે આ ઈદના દિવસ ને*
*જે ઈદની ફરહત ની આલમમાં બહાલી છે.*
*રાતો ને કરી ઝિન્દા અલ્લાહની ઈબાદતમાં*
*તે સબના મકામો બસ મેહમૂદ ને આલી છે.*
*રોઝા ને કરા જે એ શરતોના થઈ પાબન્દ*
*નાઝિલ થઈ તે ખાતિર ઈન્આમની થાલી છે.*
*ઈદો તો ઘની છે પણ આ ઈદની સરવેમાં*
*ફરહત ને ફઝીલતમાં કઈ શાન નિરાલી છે.*
*થઈએ ના નિછાવર કિમ તૈયેબ ઝિયા સરવર પર*
*આ દીનના તે બેશક આલી ને લેઆલી છે.*
*જન્નત છે હકીકતમાં દાઅવતનું ચમન યારો*
*હાં આ ચમનિસ્તાનના તૈયેબ ઝિયા માલી છે.*
*છે આપ ચુમાલીસમાં અલ્લાહના દોઆતોમાં*
*સુરજની મિસિલ જેની કે શાન નિરાલી છે.*
*આ શેહના મોહિબ ના છે અય્યામ સદા રોશન*
*ને દુશ્મને દાઅવતની રાતો સદા કાલી છે.*
*દાઈમ રહે હર મુમિન અલ્લાહની વિકાયતમાં*
*જે ના શહે તૈયેબ ઝિયા હાફિઝ અને વાલી છે.*
*હરદમ આ દોઆ રબ સી હમસબ ની છે તે એ છે*
*તા-હા ની ગુલામીમાં ઈઝ્ઝતને નહાલી છે.* ★

**તમારા કપડાઓમાં અફઝલ સફેદ કપડા છે.**

## -::: સો (૧૦૦) મો ગુનાહ :::-


અલ્લાહતઆલા **"સાતેરૂલ ઓયૂબ"** અને **"ગાફેરૂઝ ઝોનૂબ"** છે, યાઅની બંદાઓના ઐબોને છુપાવનાર અને ગુનાહોને માફ કરનાર છે. **"વલ્લાહો યાઅલમો બેમા તાઅમલૂન"**, યાઅની અલ્લાહતઆલા જાણે છે જે તમેં અમલ કરો છો. આ દુનિયાની કોઈ પણ ચીઝ નાની યા મોટી અલ્લાહના ઈલ્મથી છુપી નથી. પણ ઈન્સાન પર અલ્લાહની નઝરે ઈનાયત છે કે જો ઈન્સાન ગુનાહ કરે પછી તૌબા કરી લે તો **તેની તૌબા તેની ઇઝ્ઝતને બચાવી લે છે.** હવે જો ઈન્સાન એટલી હદ તક ગુનાહ કરે અને પોતાના કરતૂતો પર શરમાઈ નહીં, તૌબા તો દૂર મગર અલ્લાહના અઝાબનો કોઈ ખૌફ ન રાખે તો અલ્લાહ તેના પરથી પોતાની રેહમતના તમામ પડદા ફાડી નાખે છે અને તે લોગોમાં ઝલીલ થઈ જાય છે અને તેના તમામ ગુનાહનો ઘડો ફૂટી જાય છે અને ઐબો ઝાહિર થઈ જાય છે. **પછી તેને કોઇ બચાવનાર હોતું નથી અને દુનિયામાં એની ઝિંદગી એક ખોટા સિક્કા જેમ થઇ જાય છે.**

મૌલાના અલી (અ.સ.) ની વસાયતના વક્તમાં એકવાર એક ખૂબ જ જમાલદાર ખૂબસૂરત નૌજવાન ચોરીના ઈલ્ઝામમાં ગિરફતાર થયો અને મૌલા અલી (અ.સ.) સામે ઈન્સાફ વાસ્તે રજૂ કરવામાં આવો. મૌલાએ તેને જોઈને કહ્યું :"ખુદાએ તુંને કેટલી સારી સૂરત બખ્શી છે, એવી જ સીરત જો તું ઈખ્તિયાર કરતો તો આવી બાજમાલ સૂરત આપવા બદલ ખુદાનો શુક્ર પણ અદા થઈ જાતો !" નૌજવાને જવાબ આપો કે, મારા ઉપર મારા ઘરના ૧૩ શખ્સોના ગુઝારાનો ભાર છે. તેઓની ખસ્તાહાલી અને લાચારીએ મને પહેલી વાર આવી ચોરી કરવા વાસ્તે મજબૂર કીધો છે. મૌલાએ ફરમાવું કે, **તું અલ્લાહનો શુક્ર કરવાના બદલે કુફ્ર કરે છે.** અલ્લાહ રોઝી આપવાનો ઝામિન છે અને તું એના પર બોહતાન લગાડે છે ? જો આ તારો પહેલો ગુનાહ હોત તો અલ્લાહ તેને છુપાવી દેત પણ તુંએ આ ગુનાહ એટલી બધી વાર કીધો છે કે રહીમો કરીમ અલ્લાહે તારા આ ગુનાહને આજે ખુલ્લો પાડી દીધો છે. મૌલાએ જે વક્ત આ ફરમાવું તો તે નૌજવાન ધ્રુજવા લાગો અને તેએ કુબૂલ કીધું કે, મેં ૯૯ વાર ચોરી કરી ચુકો છું અને આ મારી ૧૦૦ મી ચોરી હતી. આ સાંભલી લોગો મૌલા અલી (અ.સ.) ના હાથ ચુમવા લાગા, તાઅઝીમ કરવા લાગા કે, આપની પાસે હકીકતોનો કેટલો મોટો ખઝાનો છે. પછી તે ચોરને સઝા કરવામાં આવી જેથી શરીઅતની સર્વોપરિતા તમામને સામે ઝાહિર થઈ જાય. ★

## -::: તસ્હીલુન નિસ્બત :::- નિસ્બતને સહેલ

આ કોલમમાં નિસ્બત વાસ્તે અરઝ આપવી હોય તો રૂબરૂમાં લેખિતમાં હમારૂં ફોર્મ ભરીને ભાઈસાહેબ કમ્બરઅલી ભાઈ (ન્યૂ ઓપ્ટીક હાઉસ, ચોખંડી) ને આપવાની રહેશે. અરઝદાર જો પોતાની અરઝને નામ સાથે છાપવા માંગતા હોય તો એ પણ હમેં કુબૂલ કરીશું. વડોદરાથી બાહર રહેતા મુમેનીન પોતાના રિશ્તેદારો ના ઝરીએ અરઝ આપી શકે છે. અરઝ આપવાનો હદીયો રૂા.૫૦/- મુકર્રર કરવામાં આવો છે. મહીનાની ૧૦ તારીખ પહેલા અરઝ મોકલવા મુમેનીનને દિલી ગુઝારિશ કરવામાં આવે છે. ★

## -::: હમારા ચમકતા સિતારા :::-



**વોહરા અલીઅકબર મકબૂલહુસૈન**
M.S.University ને માતહત Tech.& Engineering ની Faculty માં આ ભાઈએ April 2008 માં લેવામાં આવેલી M.Sc. Applied Chemistry ના 4th semister માં distinction લાવી અવ્વલ દરજો હાસિલ કરી વાલેદૈન અને જમાઅતનું નામ રોશન કીધેલું છે. ★



**બુકબાઈન્ડર અનીસા મોહંમદઅલી**
M.S.University ને માતહત Arts Faculty માં આ બહેને April 2008 માં લેવામાં આવેલી M.A. Part II English Entire માં First class હાસિલ કરી વાલેદૈનની ઈઝ્ઝત અને જમાઅતની શોહરત વધારેલી છે. ★

સાહબે દાઅવતની દોઆથી હમારી ઔલાદ હર વક્ત આઅલા તાઅલીમો તરબીયતની મંઝિલ તય કરતા રહે. ★

**શરમ અને સબર બરાબર કોઈ ઈમાન નથી.**

## -::: એક બેમિસાલ આલિમે ફાતેમી :::-

# સૈ.મોઅય્યદ શીરાઝી સાહબ (રિ.અ.)

### ઉર્સ મુબારક - ૧૦ શવ્વાલુલ મુકર્રમ

પાઁચમી સદી હિજરી (૪૨૯ થી ૪૭૦) તક મિસિરમાં ૧૮માં ફાતેમી સરતાજ મૌલાના ઈમામ મઅદ્દેનિલ મુસ્તનસિર બિલ્લાહ (અ.સ.) ના દૌરે ઈમામતમાં દાઅવતે ફાતેમીયાહના નામવર આલિમો અને ફાઝિલોમાં દાઈયુદ્દોઆત સૈયેદના મોઅય્યદ શીરાઝી સાહબ (રિ.અ.) નું નામ મુબારક સરે ફેહરિસ્ત છે. આપ આપની લાજવાબ ઈલ્મી ખિદમતોના સબબ, જેમાં સતરના ઝમાનાના દોઆતને હર લેહાઝ અને હર ઈલ્મમાં તૈયાર કરવાના હતા, **આપ દાઅવતે ફાતેમીયાહના ફલકના ચમકતા સિતારા બની ગયા.** સૈયેદના લમક બિન માલિક યમનથી આપને નઝદીક ઈલ્મ પઢવા પધારા અને ઈમામી ફરમાનથી આપે સૈ.લમકને એ મુજબ તૈયાર કીધા કે મૌલાના ઈમામ તૈયેબ (અ.સ.) ના સતરમાં જાવા બાદ યમનમાં સૈયેદતેના હુર્રતુલ મલેકાહ (ક.રૂ.) ના ઝેરે નિગરાની ફાતેમી દાઅવતને કાઈમ કરવા વાસ્તે સૈયેદના લમકે ઈમામ (અ.સ.) થી હાસિલ કીધેલા ઈલ્મની બિના પર આપના દિકરા સૈયેદના યાહયા, સૈયેદના ખત્તાબ, સૈયેદના ઝોએબ બિન મૂસા તેમજ સૈયેદના ઈબ્રાહીમ કદસલ્લાહો અરવાહહુમ ને બાખૂબી તૈયાર કીધા. જે ઈલ્મો ફન સૈયેદના લમકે સૈયેદના શીરાઝી સાહબ પાસેથી હાસિલ કીધું હતું તેને યમની દોઆતના સીનામાં ઉતારૂં, જે ઈલ્મના પાકીઝા પાનીથી યમનમાં ફાતેમી દાઅવતની બાબરકત ઝમીન ફલીફૂલી-સરસબ્ઝ-હરીભરી થઈ અને ૪૫૦ વરસ તક દાઅવતની નેઅમત યમનના મુમેનીન વાસ્તે બરકરાર રહી. આટલું જ નહીં મગર સૈ.શીરાઝી સાહબનું હિન્દના લોગો પર એક અઝીમ એહસાન છે કે, સૈયેદના લમક (ક.રૂ.) ના ઝરીએ આપે હિન્દુસ્તાનથી મિસિર પધારેલા ત્રણ આલી કદર સાહબો મૌલાઈ અહમદ, મૌલાઈ અબ્દુલ્લાહ અને મૌલાઈ નૂરૂદ્દીન રિઝવાનુલ્લાહે અલયહિમને ફાતેમી દાઅવતનું ઈલ્મ પઢાવીને એવા તો તૈયાર કીધા કે, હિન્દુસ્તાન આવી આ ત્રણે સાહબોએ ઈમામ મુસ્તનસિર બિલ્લાહ (અ.સ.) ના નામ પર ફાતેમી દાઅવતની પુરજોશ નશ્રો ઈશાઅત કીધી, હિન્દુસ્તાનના લોગોને કુફ્ર-શિર્કની નાપાકીથી છોડાવા અને ઈમાનના રૂહાની દાએરામાં શામિલ કીધા. **આજે પણ આ હિન્દની સરઝમીન પર મૌલાઇઓએ સીંચેલા ફાતેમી બાગાતની મહેક અને તાઝગીનો એહસાસ થઇ શકે છે.**

આપનું પૂરૂં નામે ગિરામી હેબતુલ્લાહ બિન અબી ઈમ્રાન બિન મૂસા બિન દાઊદ શીરાઝી છે. આપ ઈરાનના શીરાઝ શહેરમાં ચોથી સદી હિજરીનાં આખિરમાં પૈદા થયા. આપના આબાઓ અજદાદે (બાપ-દાદાઓ) ઈમામ હાકિમ (અ.સ.) ના ઝમાનાથી ફાતેમી દાઅવતની ઈરાનમાં મઝબૂતી વાસ્તે બેતહાશા બેલૌસ અને મુખ્લેસાના ખિદમત અંજામ આપી. આપના બાવાજીના નકશે કદમ પર આપ ચાલા અને ઈરાનમાં ફાતેમી દાઅવત અને સલ્તનતના પરચમને એ મુજબ બલંદ કીધો કે, સુલ્તાન અબુ કાલીજાર જેવા મોટા-મોટા તાકતવર શખ્સોએ હક્કનું દીન કુબૂલ કીધું. પણ ઘણા હાસિદો-બાગિઝો હતા જેઓથી આ ફાતેમી નૂર ન જોવાયું અને આ જ ઝાલિમોના ઝુલ્મના સબબ આપ શીરાઝથી ફાતેમી દારૂલ ખિલાફત મિસિર તશરીફ લાવા અને ત્યાં તકરીબન ૪૦ સાલ રહ્યા. આ દૌરાન આપ કાહેરા (કેરો) માં પોતાની ઈલ્મી તકરીરો અને તાવીલી મજલિસોના ઝરીએ ફાતેમી દાઅવતના અકીદાની તાઅલીમ મુમેનીન અને તાલિબે ઈલ્મોને આપતા રહ્યા. આપની આ ઈલ્મી સરગરમી એ હદ તક પહોંચી કે, આપ ઈમામ આલી મકામના બાબુલ અબ્વાબ બના અને મિસિરના લોગો બેશુમાર તાઅદાદમાં આપની તાવીલી મજલિસોમાં શરીક થાતા. ઈમામના ફરમાનથી આપે કાહેરા શહેરની મસ્જિદોના મિમ્બર પર બેસીને ૮૦૦ ઈલ્મી મજલિસો લોગોના અઝીમ મજમાઅમાં પઢી જે ફાતેમી દાઅવત વાસ્તે એક મોટો સરમાયો સાબિત થઈ. દાઅવતના કિતાબોના ખઝાનામાં આજે આપની આ અઝીમુલ કદ્ર મજલિસો **"અલ-મજાલિસુલ મોઅય્યદીયાહ"** ના નામથી મશ્હૂર છે. **આપની આ બલંદ પાયા તકરીરો ફાતેમી ઊલૂમ, દાઅવતની માઅરેફત, હિકમત, ફલસફા, કુરઆનની તફસીરો તાવીલમાં નિહાયત મુફીદ છે.**

*(બકીયાહ પેજ નં. ૫ પર)*

**કઝાએ ઈલાહી રદ થાય નહીં મગર દોઆથી રદ થઈ જાય.**

(પેજ નં. ૪ નું બાકી) ***એક બેમિસાલ આલિમે ફાતેમી .....***

આ સાથે આપે આપનું દીવાન-કસીદાઓનો મજમૂઓ અને આપની સીરતની કિતાબને પણ તસ્નીફ ફરમાવી છે.

રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ના ઝમાનામાં એવા જ એક મુખ્લિસ અને આશિકે સાદિક સહાબી હતા જેઓ ઈરાનથી રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ની ખિદમતમાં હાઝર થયા હતા. તેમના દિલો ઝમીરમાં ઈસ્લામની અઝમત સાથે મોહંમદ અને આલે મોહંમદ (સ.અ.) ના ઘરાનાથી ગેહરી મોહબ્બતો ઉલ્ફત હતી. તે સહાબી હ.સલમાન અલ-ફારસી (રિ.અ.) હતા. જેઓએ દિલો જાનથી આકા નબીયુલ્લાહની ખિદમત કીધી. તેથી જ તો રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) એ ફરમાવું કે, **સલમાનો મિન્ના અહલિલ બૈત** યાઅની સલમાન હમારા માંથી છે, હમારા અહલે બૈત માંથી છે. હ.સલમાન અલ-ફારસી જેવા જ સૈયેદના મૌઅય્યદ શીરાઝી સાહબ હતા, જેમને પોતાના ઈમામ મૌલાના મુસ્તનસિર બિલ્લાહ (અ.સ.) ની મોહબ્બત પોતાના વતન શીરાઝીથી સેંકડો માઈલના ફાસલા પર મિસિર ખેંચી લાવી હતી.

તેથી જ ઈમામ આલી મકામે આપને હક્કના તમામ ઈલ્મો શીખાવા બાદ સતરના દૌરની તૈયારી કરવાની ખિદમત સોંપી હતી **જે સતરનો આફતાબ ચમનથી તુલૂઅ થાવાનો હતો.** આપ શીરાઝથી મિસિર તકના લંબા સફરની તકલીફો-મુશ્કેલીઓ ઉઠાવીને જે વક્ત ઈમામ મુસ્તનસિર બિલ્લાહના દીદાર મુબારક વાસ્તે મહેલ તક પહોંચા તો આપને ઈમામના દીદાર નસીબ ન થયા અને આપની વરસોની દિલી ઉમ્મીદ પૂરી ન થઈ શકી! મગર આપે ઉમ્મીદનું દામન ન છોડું અને દરરોઝ ઈમામના કસરે આલીના સહેનમાં હાઝર થાતા અને ત્યાં દરવાઝા પર બેસીને તિલાવતે કુરઆન પઢતા અને આપ ઈમામના કદમ મુબારક ચૂમવાના ઈન્તેઝારમાં આપ દિવસોના દિવસો ગુઝારતા રહ્યા.

આમ કરતા કરતા ૪૦ દિવસનો અરસો ગુઝરી ગયો એ જ ઉમ્મીદમાં કે હમણા ઈમામના દીદાર થાશે ! હર વક્ત નાઉમ્મીદીનો સામનો થયો તો આપનું મોહબ્બતથી લબરૈઝ દિલ, કલમનો સહારો લઈને પોતાનો હાલ બયાન કરવા લાગું. યાઅની **આપે એક ઉમ્દા કસીદો લખીને ઇમામની હઝરતમાં પૈશ કીધો.** ઈમામ (અ.સ.) તક તે કસીદો પહોંચો, આપે પઢો અને આપે ખુદ તેનો જવાબ કસીદાની શિક્લમાં સૈ.મોઅય્યદ સાહબને મોકલો. જે વક્ત ઈમામના કલામ આપને પહોંચા તો આપને થયું કે ૪૦ દિવસના ઈન્તેઝારના બદલામાં આ ચીઝ તો ઘણી આઅલા છે અને મોટામાં મોટી ઈઝઝત અફઝાઈ છે. હક્કના ઈમામ આ જ મુજબ પોતાના મોહિબ્બ ને વધાવી લે છે.

સૈયેદના મોઅય્યદ સાહબને ઈમામ (અ.સ.) ની મુલાકાત અને તેહનીયતમાં આવવાની રઝા ઈનાયત થઈ, ઉમ્મીદ પૂરી થઈ અને રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ના જિગરના ટુકડા અને મૌલાના અલી (અ.સ.) ની આઁખોના તારા ઈમામ મુસ્તનસિર બિલ્લાહના દીદાર થઈ ગયા. મિઝાજ-પુરસી અને કદમબોસી કરવાનો અઝીમ શરફ હાસિલ થઈ ગયો. હ.સલમાન (રિ.અ.), જે ફારિસથી નબીયુલ્લાહની મોહબ્બતમાં ચકચૂર થઈ આપની હઝરતમાં આવી "સલમાનો મિન્ના અહલિલ બૈત" નો મરતબો પામા તો નબીયુલ્લાહના શાહઝાદા ઈમામ (અ.સ.) પાસે સૈ.મોઅય્યદ **"બાબુલ અબ્વાબ"** ના આઅલા મરતબા પર ફાઈઝ થયા. તે સલમાનુલ ફારસી હતા અને આ મોઅય્યદ શીરાઝી હતા. અલ્લાહતઆલા રહેમત કરજો એ તમામ સાહબો પર જેઓએ પોતાના જાનો માલને હક્કના સાહબની ખિદમતમાં કુરબાન કરી દીધા. ★

---

(પેજ નં. ૬ નું બાકી) ***૧૪ અહકામ .....***

(૧૪) તકબ્બુરીથી અને અકડાયને ઝમીન પર ન ચાલવું જોઈએ. **ઘમંડી ચાલ**થી ન તું ઝમીનને ફાડી શકશે ન તું પહાડોથી ઊંચો થઈ શકશે.

આ તે હકીમાના અહકામ છે જે વહ્યના ઝરીએ સરવરે કાએનાત રસૂલે અકરમ (સ.અ.વ.વ.) પર નાઝિલ થયા. આખિરમાં તે જ જુમ્લો દોબારહ આવે છે જે પહેલા હતો કે, **"વલા તજઅલ મઅલ્લાહે ઇલાહન આખર"**. અલ્લાહતઆલા હમને એની વહદાનીયતની માઅરેફતના દામને પાકમાં રાખીને શરીઅતના હલાલો હરામને દાઈયુલ્લાહની હિદાયતથી ઓલખનારા કરે અને ઝિંદગી ભર હમેં આઅમાલે ખબીસા અને ગુનાહાને કબીરાથી કોંસો દૂર રહીને હમારા મુમિનપનાની શાનને સાચવીએ એવી પરવરદિગારે આલમ હમને નેક સમઝ-બૂઝ બખ્શે. ★

**તે શખ્સ અલ્લાહનો શુક્ર નહીં કરે જે લોગોનો શુક્રીયા અદા નહીં કરતો હોય.**

## -::: ૧૪ અહકામ :::-

અલ્લાહતઆલા કુરઆને અઝીમમાં સૂરએ બની ઈસ્રાઈલમાં અહલે ઈમાન વાસ્તે ૧૪ અહકામ ફરમાવે છે, જેનું ઈબ્તેદા પણ તૌહીદથી છે અને ઈન્તેહા પણ તૌહીદથી છે કે, **"વલા તજઅલ મઅલ્લાહે ઇલાહન આખર,"** યાઅની તમેં અલ્લાહ સાથે કોઈ બીજાને ખુદા ન બનાવો. આ ૧૪ અહકામ અપના મઝહબના બુનિયાદી અરકાન છે, જેના પર ઈન્સાનના સમાજી ઊસૂલ અને અખ્લાકીયાત તેમજ રૂહાની દરજાઓની તાઅમીર અને તરક્કીનો દારોમદાર છે. આ તે અહકામ છે જે હમારા રસૂલુલ્લાહ બાવાજીને મેઅરાજને વક્ત મીલા અને આ પહેલા મૂસા કલીમુલ્લાહ (અ.સ.) ના કિતાબ તૌરાતમાં મૌજૂદ હતા.

આ ૧૪ અહકામનો મુખ્તસર ખુલાસો નીચે મુજબ છે :

(૧) ફક્ત અલ્લાહ જલ્લા શાનોહુની જ **ઇબાદત** કરવામાં આવે અને એના સાથે કોઇને શરીક નહીં માનવું જોઇએ.

(૨) અલ્લાહની ઈબાદત સાથે માઁ-બાવાજી સાથે એહસાન-રહેમદિલી-તવાઝોઅ-અદબ સાથે **બેહતર સુલૂક** કરવો જોઇએ.

(૩) અહલો અયાલ, કરાબતદાર, રિશ્તેદારો, મિસ્કીનો અને હાજિતમંદોના **હુકૂકને** તેમના હક્ક મુજબ અદા કરવા જોઇએ.

(૪) દૌલતને હદ્દથી ઝિયાદહ ખર્ચ ન કરવી જોઇએ યા **તબ્ઝીર** (ફુઝૂલખર્ચી) ન કરવી જોઇએ. આ તો શયતાન રજીમનો અમલ છે અને શયતાન હમેશા નાશુક્રો અને કાફિર છે.

(૫) પૈસા ખર્ચ કરવામાં **એઅતેદાલ** કરવો જોઇએ, દરમિયાની રવૈયો પસંદ કરવો, ન ઝિયાદહ ન કમ.

(૬) મોહતાજગી ના ખૌફથી ઔલાદને કત્લ ન કરવી જોઇએ, બેશક અલ્લાહ સઘલાનો રાઝિક છે. **ઇસ્કાતુલ હમલ** યા હમલને પાડવું, કતેઅ કરવું, તેને ઝાયેઅ કરવું એક ખતાએ અઝીમ છે.

(૭) ન સિર્ફ ઝિનાથી દૂર રહેવું જોઇએ મગર ઝિનાના તમામ અસ્બાબ જેમ કે બેપરદગી, આવારગી, બદખયાલીથી પણ દૂર રહે. **ઝિના** તો બુરો રસ્તો છે.

(૮) અલ્લાહના હાથમાં આ પૂરી કાએનાતનો કબ્ઝો છે, **કઝા અને કુદરત**નો માલિક ફક્ત તે જ છે અને આ ઝમીનો આસ્માનમાં તેમજ તેના દરમિયાનમાં જે કઇ છે તેના રિઝકનો તકસીમ કરનાર અલ્લાહ છે. લેહાઝા આમાં દખલગીરી યા ખલલઅંદાઝી નહીં કરવી જોઇએ.

(૯) કોઇ ને પણ નાહક **કત્લ** ન કરવું જોઇએ, ખુદકુશી ન કરવી. ખતાવાર કાતિલ હમેશા નાઉમ્મીદ થાશે અને મઝલૂમ મકતૂલ હમેશા અલ્લાહથી યારી હાસિલ કરશે. મઝલૂમનો વલી યા કાઇમમકામ ઈઝઝતો ઈજલાલવાલો બનશે.

(૧૦) યતીમના માલની **હિફાઝત** કરવી જોઇએ અને એ ઝિયાદહ કેમ થાય એની કોશિશ કરવી જોઇએ. ઈજાઝત બગૈર યતીમના માલને ઈસ્તેઅમાલ ન કરવો જોઇએ. બલ્કે તે માલને પૂરી ઈમાનદારીથી તેના હક્કદારને સોંપી દેવો જોઇએ.

(૧૧) **વાઅદા-વચન-પૈમાન**ને બરાબર વફા કરવો જોઇએ પછી તે પોતાના હાદી સાથે હોય યા આમ લોગો સાથે હોય. કોઇ સાથે ધોકેબાઝી ન કરવી જોઇએ સબબ કે એને કીધેલા કોઈ પણ વચનનો રૌઝે કયામત સવાલ કરવામાં આવશે.

(૧૨) વેપારમાં માપ-તોલ અને **લૈન-દૈન** બરાબર અદલો ઈન્સાફથી કરવું જોઇએ. આ જ તમારા વાસ્તે ખૈર છે, બરકત છે અને એનો અંજામ બેહતર છે.

(૧૩) જે ચીઝને જાણતો ન હોય યા જેનું **ઇલ્મ** ન હોય તેની પૈરવી ન કરવી જોઇએ. કાન, આઁખ, દિલ અને ઝબાન બાબત એને સવાલ થાશે.

*(બકીયાહ પેજ નં. ૫ પર)*

**તું જેને ચાહે તેને મોહબ્બત કર મગર આખિરમાં તું તેને છોડનાર છે.**

## -::: ઝાહેર ખબર :::-


**ડૉ. રોશનઅલી વ્હોરા** એમ.એસ. (ઈ.એન.ટી.)
**નાક, કાન અને ગલાના સર્જન**
**શિફા નર્સિંગ હોમ,**
એકતા ભવનના બાજુમાં, પાણીગેટ, વડોદરા.
ટાઈમ : બુધ-શનિ : ૬ થી ૮ સાંજે
રવિવાર : ૧૧ થી ૧૨ સવારે
(અગાઉથી એપોઈન્ટમેન્ટ લઈને આવવું.)
ફોન : ૨૫૭૦૩૩૮ ★

**સ્ટાર હેન્ડ એમ્બ્રોઈડરી ક્લાસીસ**
**ફરઝાના શમ્સુદીન બાલડીવાલા,**
ગ્રાઉન્ડ ફ્લોર, સકીના ચેમ્બર્સ,
આજવા રોડ, વડોદરા - ૩૯૦ ૦૧૯.
મો. ૯૭૨૫૯૫૦૦૮૬ ★

✻ ઈન્કમટેક્ષ બચાવવા વાસ્તે ગેરન્ટેડ કંપનીઓમાં ઈન્વેસ્ટમેન્ટ કરી પૂરેપૂરૂં વલતર હાસિલ કરો.
✻ હમારે ત્યાં કોઈ પણ પ્રસંગ વાસ્તે મહેંદી પાડવાના ઓર્ડર લેવામાં આવશે.
**ઝાહેદાબેન : ૯૮૨૪૬૭૧૪૫૬** ★

R.T.O. અને ડ્રાઈવીંગ લાયસન્સ ના કોઈ પણ તરહના કામકાજ વાસ્તે મીલો
**દીલાવરભાઈ હઝારીવાલા**
હઝારીવાલા PCO, RTO કંપાઉન્ડ, વડોદરા.
સરનામું : ૩૧૦, એ બિલ્ડીંગ, બોરસલી એપા., આજવા રોડ, વડોદરા - ૩૯૦ ૦૧૯.
ફોન : ૨૫૨૪૯૩૬, ૩૨૪૪૦૧૮ (સવારે ૧૦ થી સાંજના ૫)
મો. ૯૯૭૯૫૦૨૭૪૬ (રાત્રે ૮ થી ૧૦) ★

Ismat Madam's
**Genius Personal Tuition Class**
Std.10 : Sanskrit, Gujarati, Hindi
(Eng. & Guj. Medium)
**Ismat A. Gulabiwala (M.A., B.Ed.)**
103, Ali Chamber-1, Taiyebi Park,
Ajwa Road, Vadodara - 19.
M.: 9974405146 ★

**ન્યુ સૌંદર્ય જવેલર્સ (રિયાઝભાઈ)**
જુના સોના-ચાંદી, નંગ, મોતીના દાગીના, તેમજ જુની ઝરી-તાર કસબની સાડીઓ લેનાર, વેચનાર, બનાવનાર.
માંડવી સર્કલ પાસે, ગેંડીગેટ રોડ, વડોદરા - ૧૭.
મો.: ૯૮૨૪૯૪૮૭૪૬. ★

**ઝૈનબીયા મોબાઈલ્સ**
જૂના તથા નવા મોબાઈલની લે-વેચ કરનાર.
દરેક પ્રકારના મોબાઈલ રિપેરીંગ કરી આપવામાં આવશે.
ડાઉનલોડીંગ, ફ્લેશીંગ તથા અનલોકીંગ વાસ્તે મીલો...
**અદનાન મુસ્લીવાલા**
મરકઝે હુસૈની હોલ, બદરી મોહલ્લા, વાડી, વડોદરા-૧૭.
મો.: ૯૭૨૭૫૫૭૦૫૨. ★


## -::: ઝાહેર ખબર વાસ્તે :::-

હમારા અઝીઝ કારેઈનને આ ખબર આપતા ઘણી મસર્રત થાય છે કે, હવેથી મુમેનીન પોતાના વેપાર, દુકાન, કારખાના, ઘરેલુ હુનર, ફનકારી યા કોઈ સ્પેશીયલ આઈટમ બનાવવામાં કારીગરી રાખતો હોય તેની ઝાહેરાત - **Advertisement** "અલ-હાદી" અખ્બારમાં આપી શકશે. **Advertisement** ની પૂરી વિગત મહીનાની ૧૫ તારીખ પહેલા હમારા એડ્રેસ પર હમને મીલી જાવી જોઈએ.

| ઝાહેરાતની સાઈઝ : **3 x 2 Inches** (Approx.) |
|---|
| **3** મહીના : **150/- Rs.** |
| **6** મહીના : **300/- Rs.** |
| **1** વરસ : **600/- Rs.** ★ |

## -::: બિર્રુલ વાલેદૈન :::-

ઈબ્ને સઈદ કહે છે કે, હમેં રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ની હઝરતે નબવીયાહમાં એક દિન બેસા હતા તો બની સલમાહ ના કબીલામાંથી એક શખ્સ આવો અને કહ્યું કે, અય રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.), મારા વાલેદૈનની ભલાઈ વાસ્તે મારા તરફથી એ બેવેની મૌત બાદ કોઈ અમલ બાકી રહે છે ? આપે ફરમાવું કે, એ બેવેની ફૌત થયેલી નમાઝ-રોઝા વાલ અને કુરઆને કરીમની "વઆલા નિય્યત" સાથે તિલાવત કરીને દોઆએ ઈસ્તિગફાર કર અને એ બેવેના નામ પર મુમેનીનને જમાડ. ★

**સુખમાં તું અલ્લાહને ઓલખ તો એ તુંને દુઃખમાં ઓલખશે.**

## -::: કમાલનો નુસ્ખો :::-

હસન બસરી રિવાયત કરે છે કે, હું જે વક્ત બસરા શહેરના બાઝારમાં ફીરી રહ્યો હતો, તે વક્ત મારા સાથે એક જવાન ઈબાદતગુઝાર હતા. હમેં એક હકીમ-તબીબને નઝદીક ગયા જે એક કુરસી પર બેસેલો હતો અને એના આગલ મરદો-બૈરો-બચ્ચાઓ હતા. તેમના હાથોમાં શીશીઓ હતી જેમાં પૈશાબ હતો. તેઓ માંથી હરએક એક-એક કરીને એના નઝદીક આવતા અને પોતાની બીમારીનો ઈલાજ પૂછતા. આખિરમાં તે જવાનનો વારો આવો, તે હકીમને નઝદીક આવો અને પૂછ્યું કે, **તારા નઝદીક કોઇ એવી દવા છે જે ગુનાહોને ધોઇ નાંખે તથા દિલની બીમારીમાં શિફા આપે.** તબીબે કહ્યું કે, હાઁ ઝરૂર છે, તું મારા સાથે આવ ! એમાં ૭ ચીઝો લે - ફકીરોના દરખ્તોનો રસ લે, કનાઅતની દેગમાં નાંખ, તકવાનો મસાલો લે, શરમો હયાનું પાની ઉમેર, મોહબ્બતની આગથી જોશ દે, શુક્રની કદેહમાં નીકાલ, હમ્દ-તાઅરીફ ની ચમચીથી એને પી જા. જો તું આ મુજબ કરીશ તો તુને દુનિયા-આખેરતની હર બીમારીમાં શિફા હાસિલ થાશે. ★

## -::: આઈનએ દરસે તૈયેબી :::-

✯ ઈલ્મ, નૂર અને ફૈઝે ઈલાહી નસના સાહબ અને હક્કના ધણીથી જ મુમિનને હાસિલ થઈ શકે છે. તમામ હક્કના સાહબો ઈલ્મ અને નૂરના સાહબ હોય છે જે ઉપરથી નીચે ઉતરે છે. અલ્લાહતઆલા તરફથી પોતાના હુજ્જતના ઝરીએ મુમિન તરફ આવે છે. જેના પર નસ ન થઈ હોય તે ઈલ્મ અને નૂરથી ખાલી હોય છે. અપના ઈમામો અને દોઆત હક્કના સાહબો છે, લેહાઝા **અપને આ દાઅવતનું ઇલ્મ અને નૂર હાસિલ થયું છે.**

✯ જેમ ઈલ્મ અને નૂર ઉપરથી નીચે મુન્તકલ થાય છે તેમ ઈતાઅત-ફરમાઁબરદારી નીચેથી ઉપર જાય છે.

અલ્લાહતઆલા તક પહોંચવું હોય તો એની દાઅવતના નીચામાં નીચા દરજાના સાહબ યાઅની મુકાસિરૂદાઅવતની મોહબ્બત રાખવી લાઝિમી બની જાય છે. જેમ તમેં દરજામાં ઉપર ચઢો તેમ દાઈ, ઈમામ, વસી અને નબી ના દરજાની મોહબ્બત રાખવી ફરઝ થઈ જાય છે. **કોઇ પણ એક દરજાની માઅરેફત ન રાખવાના સબબ આ ઇતાઅતનો સિલસિલો તૂટી જાય છે** અને અલ્લાહતઆલાની ઈતાઅત તક પહોંચી શકાતું નથી. તેથી જ તો અલ્લાહતઆલાએ પોતાની ઈતાઅત સાથે એના નબી ની ઈતાઅતને અને ઝમાનાના અમરના-દાઅવતના સાહબની ઈતાઅતને જોડી દીધેલી છે. તમામે તમામ રૂહાની દરજાને તસ્લીમ કરવા એ ઈતાઅતની અહમ શરત છે.

✯ શરીઅતે મોહંમદીયાહ માં આ ત્રણ ચીઝો વાસ્તે કોઈ જગા નથી. (૧) કુફ્ર - શરીઅતની નાનામાં નાની ચીઝનો ઈન્કાર કરવો. (૨) શિર્ક - અલ્લાહની ઝાતમાં, એના હુકમમાં, એની દાઅવતમાં બીજાને ભાગીદાર બનાવવા. (૩) નિફાક - દિલ અને ઝબાન અલગ હોવી. કરવામાં અને કહેવામાં ફરક હોવો. હર અમલમાં ધોકાબાઝી અને ફરૈબ હોવો.

**નોંધ : દરસે તૈયેબીની ઇબ્તેદા શવ્વાલુલ મુકર્રમ મહીનાની ૮ મી તારીખ (મંગલવારે) નૂરાની મસ્જિદમાં અને ૯ મી તારીખ (બુધવારે) તૈયેબી મસ્જિદમાં ઇન્શાઅલ્લાહ થાશે.** ★

**તમારો વકત, ખૈરને તલબ કરવામાં ગુઝારો.**


<u>સાલાના લવાઝેમાત</u> (<u>Yearly Subscription</u>)
**રૂા. ૬૦ /- (પોસ્ટેજ સાથે)**
મેનેજર :- **મુલ્લાં ઇબ્રાહીમ ટી. બરોડાવાલા**
નાઝ બોક્ષના ઘરને બાજુમાં, બદરી મોહલ્લા,
વાડી, વડોદરા - ૩૯૦ ૦૧૭. ફોન : ૨૫૮૩૯૪૯.
મુંબઈમાં લવાઝમ લેનાર :- **મુલ્લાં સિરાજઅલી અત્તરવાલા**
(નફીસ, મુંબઈ) ફોન : ૯૭૬૬૬૯૩૦૬૬. ★